પ્રસાર ભારતી

નેશનલ સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

તારીખ : 29-10-2024 સાંજે : 7.50 થી 8.00

વાર : મંગળવાર

- ✓ પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ આરોગ્ય ક્ષેત્રના **12** હજાર **850** કરોડ રૂપિયાનાં વિવિધ પ્રોજેક્ટ્સનું લોકાર્પણ અને શિલાન્યાસ કર્યો
- ✓ પ્રધાનમંત્રી મોદી આવતી કાલથી ગુજરાતમાં એકતાનગર, કેવડિયાની બે દિવસની મુલાકાતે
- ✓ કેન્દ્રીય ગૃહ મંત્રી અમિત શાહે નવી દિલ્હીમાં એકતા દોડને પ્રસ્થાન કરાવી
- ✓ અયોધ્યામાં આવતી કાલે ભવ્ય દીપોત્સવ મનાવાશેઃ સરયુ નદીનાં વિવિધ ઘાટ પર 28 લાખ દીવાઓ સાથે વિશ્વ વિક્રમ સ્થપાશે.
- ✓ મહિલા ક્રિકેટમાં, શ્રેણીની ત્રીજી અને અંતિમ મેચમાં ન્યૂઝીલેન્ડે ભારતને જીત માટે 233 રનનો લક્ષ્યાંક આપ્યો

## PM AYURVEDA

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ આજે ધનવંતરી જયંતી અને નવમા આયુર્વેદ દિવસ પ્રસંગે નવી દિલ્હીમાં આરોગ્ય ક્ષેત્ર અંગેનાં 12 હજાર 850 કરોડ રૂપિયાનાં વિવિધ પ્રોજેક્ટ્સનું લોકાર્પણ અને શિલાન્યાસ કર્યો હતો. આ પ્રસંગે શ્રી મોદીએ જણાવ્યું કે, રાષ્ટ્રનાં નાગરિકો તંદુરસ્ત હોય તો તેની પ્રગતિ વધે છે. તેમણે ઉમેર્યું કે, આ વિચાર સાથે કેન્દ્ર સરકારે આરોગ્યનાં પાંચ સ્તંભ સ્થાપ્યા છે અને નાગરિકોની સુખાકારીને પ્રાથમિકતા આપી છે.

પ્રધાનમંત્રીએ 70 વર્ષથી વધુની વયનાં તમામ વરિષ્ઠ નાગરિકોને આરોગ્ય વીમા હેઠળ આવરીને આયુષ્યમાન ભારત પ્રધાનમંત્રી જન આરોગ્ય યોજનામાં મહત્વનો ઉમેરો કર્યો છે. આ સાથે, તમામ વરિષ્ઠ નાગરિકો આવક મર્યાદા વગર આરોગ્ય વીમાનો લાભ લઈ શકશે. શ્રી મોદીએ ભારતની પ્રથમ અખિલ ભારતીય આયુર્વેદ સંસ્થાનાં બીજા તબક્કાનું ઉદઘાટન કર્યું હતું. તેમણે મધ્યપ્રદેશમાં મંદસૌર, નીમચ અને સિઓની ખાતે મેડિકલ કોલેજોનું ઉદઘાટન કર્યું હતું. તેમણે દેશની વિવિધ એઇમ્સ ખાતે સુવિધાઓનું ઉદઘાટન કર્યું હતું. શ્રી મોદીએ મધ્યપ્રદેશમાં પાંચ નર્સિંગ કોલેજોનું ખાતમૂહુર્ત કર્યું હતું.

## PM AT EKTANAGAR, KEVADIA

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી 30 અને 31 ઓક્ટોબરના રોજ ગુજરાતની મુલાકાતે આવશે. 30મી ઑક્ટોબરે તેઓ સાંજે 5:30 વાગ્યે એકતા નગર, કેવડિયા ખાતે 280 કરોડ રૂપિયાથી વધુના મૂલ્યના વિવિધ માળખાકીય અને વિકાસ પ્રોજેક્ટોનું ઉદ્ઘાટન અને શિલાન્યાસ કરશે. આ કાર્યોમાં બોન્સાઈ ગાર્ડન, સુએજ ટ્રીટમેન્ટ પ્લાન્ટ, સરદાર સરોવર ડેમ એક્સપીરિયન્સ સેન્ટર જેવા પ્રોજેક્ટ્સનું ખાતમુહૂર્ત અને સબ ડિસ્ટ્રિક્ટ હોસ્પિટલ, ટ્રાફિક સર્કલ્સ, સ્માર્ટ બસ સ્ટોપનાં ઉદઘાટનનો સમાવેશ થાય છે.

ત્યારબાદ પ્રધાનમંત્રી આરંભ 6.0માં 99મા કોમન ફાઉન્ડેશન કોર્સના અધિકારી તાલીમાર્થીઓને સંબોધિત કરશે.

31મી ઑક્ટોબરે, સવારે પ્રધાનમંત્રી રાષ્ટ્રીય એકતા દિવસની ઉજવણીમાં ભાગ લેશે અને સ્ટેચ્યુ ઑફ યુનિટી પર પુષ્પાંજલિ અર્પણ કરશે.

## PM ROZGAR MELA

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ જણાવ્યું છે કે, સરકારે આત્મનિર્ભર ભારત માટે નોંધપાત્ર કામગીરી કરી છે અને અવકાશથી માંડીને ઇલેક્ટ્રિક વ્હિકલ સુધીની નવી ટેકનોલોજી સહિતનાં તમામ ક્ષેત્રોમાં મેક ઇન ઇન્ડિયાને પ્રોત્સાહન આપ્યું છે. પ્રધાનમંત્રીએ આજે વીડિયો કોન્ફરન્સિંગ દ્વારા નવનિયુક્ત યુવાનોને 51 હજારથી વધુ નિમણૂક પત્રોનાં વિતરણ દરમિયાન આ પ્રમાણે જણાવ્યું હતું. વિડીયો કોન્ફરન્સિંગ દ્વારા બોલતા પ્રધાનમંત્રીએ જણાવ્યું કે, સરકાર દેશનાં યુવાનોને મહત્તમ રોજગારી પૂરી પાડવા માટે પ્રતિબધ્ધ છે.

પ્રધાનમંત્રીએ જણાવ્યું કે, સરકારે પ્રાઇમ મિનિસ્ટ્સ ઇન્ટર્નશિપ સ્કીમ હેઠળ ભારતની 500 કંપનીઓમાં યુવાનોને સવેતન ઇન્ટર્નશિપ પૂરી પાડવાની પહેલ હાથ ધરી છે. પ્રધાનમંત્રીએ જણાવ્યું કે, ભાજપ અને એનડીએ શાસિત રાજ્યોમાં હજારો યુવકોને નિયુક્તિપત્રો આપવામાં આવ્યા છે.

અમારા પ્રતિનિધિ જણાવે છે કે, દેશભરમાં 40 સ્થળોએ રોજગાર મેળો યોજવામાં આવ્યો છે. કેન્દ્ર સરકારમાં જોડાયેલા નવનિયુક્ત કર્મચારીઓને કર્મયોગી પ્રારંભ દ્વારા પાયાની તાલીમ મેળવવાની તક મળશે.

## RUN FOR UNITY

કેન્દ્રીય ગૃહ મંત્રી અમિત શાહે આજે નવી દિલ્હીમાં મેજર ધ્યાનચંદ નેશનલ સ્ટેડિયમ ખાતેથી એકતા દોડને પ્રસ્થાન કરાવી હતી. 31 ઓક્ટોબર, 1875નાં રોજ જન્મેલા સરદાર વલ્લભભાઇ પટેલની જન્મતિથી પ્રસંગે આ કાર્યક્રમ યોજાયો હતો. આ વખતે 31મી ઑક્ટોબરે દિવાળી હોવાથી એકતા દોડ આજે યોજાઈ હતી...

આ પ્રસંગે ગૃહ મંત્રીએ જણાવ્યું કે, આજે ભારત દરેક ક્ષેત્રમાં અગ્રણી બનવાનાં માર્ગે છે અને વિશ્વ સમક્ષ મજબૂત બનીને ઊભું છે અને તેનો પાયો સરદાર પટેલે નાખ્યો હતો. તેમણે જણાવ્યું કે, એકતા દોડ દેશની એકતા માટેનો માત્ર નિર્ધાર જ નથી, પણ તે વિક્સિત ભારત માટેનો નિર્ધાર બની ગયો છે. સરદાર પટેલનાં પ્રદાનને યાદ કરતા શ્રી શાહે જણાવ્યું કે, સરદાર પટેલે એક સંગઠિત રાષ્ટ્રનું નિર્માણ કરવા માટે વિવિધ રજવાડાંઓને એક કરવામાં મહત્વની ભૂમિકા ભજવી હતી.

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ રાષ્ટ્રીય સમાચાર આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે આપ અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડર સ્કોર ABAD ને ફોલો કરી શકો છો.

## AYODHYA DEEPOTSAV

રામનગરી અયોધ્યામાં આ વર્ષે ભવ્ય દિપોત્સવ યોજાશે, જ્યાં નગરનાં વિવિધ ઘાટ પર દિવા પ્રગટાવવાના અગાઉનાં તમામ વિક્રમ તૂટશે. એક કાર્યક્રમમાં પ્રધાનમંત્રી મોદીએ ભારપૂર્વક જણાવ્યું કે, આ દિવાળી ઐતિહાસિક છે કારણ કે શ્રી રામના મંદિરને હજારો દિવાથી પ્રજ્વલિત કરવામાં આવશે. અયોધ્યામાં રામમંદિરના નિર્માણ બાદ આ પ્રથમ દિવાળી ઉજવવામાં આવી રહી છે.

બીજી બાજુ, અયોધ્યામાં આવતી કાલે ભવ્ય દીપોત્સવ માટેની તૈયારી પૂરજોશમાં ચાલુ છે. પવિત્ર સરયુ નદીનાં વિવિધ ઘાટ પર કુલ 28 લાખ દીવાઓ ગોઠવવામાં આવ્યા છે, જે વિશ્વ વિક્રમ બનશે. સમગ્ર અયોધ્યા 35 લાખથી વધુ દીવાઓથી ઝળહળી ઉઠશે.

## JHARKHAND MAHARASTRA -NOMINATIONS

મહારાષ્ટ્ર વિધાનસભા ચૂંટણી માટે ઉમેદવારી નોંધાવવાના અંતિમ દિવસે આજે રાજકીય પક્ષોએ તેમનાં ઉમેદવારોની સુધારેલી યાદી પ્રસિધ્ધ કરી હતી, અને ઉમેદવારોએ છેલ્લી ઘડીએ પોતાની ઉમેદવારી નોંધાવી હતી. ભાજપના મહારાષ્ટ્ર એકમના વડા ચંદ્રશેખર

બાવનકુળેએ કામઠી અને મહારાષ્ટ્ર કોંગ્રેસ પ્રમુખ નાના પટોળેએ સકોલી ખાતેથી ઉમેદવારી નોંધાવી હતી.

ઝારખંડ વિધાનસભા ચૂંટણીના બીજા તબક્કા માટે ઉમેદવારી પત્રો ભરવાનો આજે અંતિમ દિવસ હતો. 20 નવેમ્બરે રાજ્યમાં 38 બેઠકો પર મતદાન થશે. આવતી કાલે ઉમેદવારીપત્રોની ચકાસણી થશે. 13 નવેમ્બરે પ્રથમ તબક્કામાં 43 બેઠકો પર મતદાન થશે.

## IND NZ WOMEN CRICKET

મહિલા ક્રિકેટમાં, ભારત અને ન્યૂઝીલેન્ડ વચ્ચે ત્રીજી અને અંતિમ વન-ડે ઇન્ટરનેશનલ મેચ અમદાવાદના નરેન્દ્ર મોદી સ્ટેડિયમમાં રમાઈ રહી છે. ટોસ જીતીને પ્રથમ બેટિંગ પસંદ કરતા, ન્યૂઝીલેન્ડે બ્રુક હલ્લિડેના 86 રનની મદદથી ભારતને 233 રનનો લક્ષ્યાંક આપ્યો હતો. દિપ્તી શર્માએ ત્રણ વિકેટ ઝડપી હતી. લક્ષ્યાંકનો પીછો કરતા ભારતે છેલ્લાં અહેવાલ મળ્યાં ત્યારે 33 ઓવરમાં 2 વિકેટે 158 રન કર્યા છે.

ત્રણ મેચોની શ્રેણી હાલમાં 1-1ની બરાબરી પર છે. શ્રેણીની પ્રથમ મેચ ભારત જીત્યું હતું, જ્યારે બીજી મેચમાં ન્યૂઝીલેન્ડે 76 રનથી વિજય મેળવ્યો હતો.

## JAISHANKAR-ARMY CONFERENCE

વિદેશ મંત્રી ડોક્ટર એસ જયશંકરે આજે નવી દિલ્હીમાં લશ્કરનાં કમાન્ડર્સની પરિષદને સંબોધન કર્યું હતું. પરિષદમાં ડોક્ટર જયશંકરે પડકારો, સંભાવનાઓ અને તકો સહિતની વર્તમાન ભૂરાજકીય સ્થિતિ પર ચર્ચા કરી હતી. આ પ્રસંગે ડોક્ટર જયશંકરે જણાવ્યું હતું કે, રાષ્ટ્રીય સલામતીને અસરકારક રીતે આગળ ધપાવવા માટે 'સંપૂર્ણ સરકાર' દ્રષ્ટિકોણની જરૂર છે.

## ED MUMBAI OPERATIONS

પ્રવર્તન નિદેશાલયે એક ખાનગી કંપની દ્વારા ક્રિકેટ મેચોનાં ગેરકાયદેસર પ્રસારણ અને ઓનલાઇન સટ્ટાના કેસમાં કચ્છ અને મુંબઇ સહિત દેશનાં આઠ સ્થળોએ શોધ અભિયાન હાથ ધર્યું હતું. અભિયાન દરમિયાન, ઇડીએ રોકડ, બેન્ક ભંડોળ અને ચાંદીની લગડીઓ સહિતનાં ચાર કરોડ રૂપિયાનાં મૂલ્યની સંપત્તિ જપ્ત કરી હતી. ઇડીએ જણાવ્યું હતું કે, કથિત કંપની દુબઇથી કામ કરી રહી છે અને કંપનીને ટેકનિકલ અને ફાઇનાન્સિયલ મેનેજમેન્ટ અંગેની સેવાઓ પૂરી પાડ રહેલી વ્યક્તિઓ સામે પગલાં લેવામાં આવ્યા હતા. ખાનગી મિડિયા કંપનીની ફરિયાદને આધારે એજન્સીએ કેસ નોંધ્યો છે. આ મિડિયા કંપનીએ જણાવ્યું છે કે ક્રિકેટ મેચોનાં ગેરકાનૂની પ્રસારણને કારણે તેને 100 કરોડ રૂપિયાથી વધુની ખોટ ગઈ છે.